# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ.
## સ્કાઉટભવન, પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

**♣ જુનિયર ક્લાર્ક સંવર્ગની જગ્યા માટે ઉમેદવારોના ડોક્યુમેન્ટ ચકાસણી અન્વયે ખૂબ જ અગત્યની સૂચનાઓ ♣**
**( જાણ તથા અમલ સારૂં )**

:: મુખ્ય સૂચનાઓ ::

- તમોની શૈક્ષણિક લાયકાત ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૨૪ના રોજ ધરાવતા હોવા જોઈએ. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ, ત્યારબાદ મેળવેલ શૈક્ષણિક લાયકાત સદર ભરતી પ્રક્રિયામાં માન્ય રાખવામાં આવશે નહિં જેની સ્પષ્ટ નોંધ લેશો.
- ઉમેદવારની ઉંમર ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૨૪ ના રોજની ગણવામાં આવશે.
- શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા એસ.એસ.સી. પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મતારીખ દર્શાવેલ હોય તે ઓરીજીનલ પ્રમાણપત્ર અને ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.
- આપની માર્કશીટ / ડિગ્રી સર્ટીફિકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં ( % ) જે - તે માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે જેની સ્પષ્ટ નોંધ લેશો.
- સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે જાહેરખબર પછીનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ‘ ના-વાંધા પ્રમાણપત્ર ’ ઓરીજીનલ અને તેની ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.
- કોઈપણ બે શૈક્ષણિક સંસ્થાના વડાનું ચારિત્ર્ય અંગેનું ( કેરેક્ટર સર્ટીફિકેટ ) ઓરીજીનલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- કોઈપણ એક ઓરીજીનલ ફોટો ઓળખકાર્ડ (આધારકાર્ડ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ પૈકી કોઇ પણ એક) અને તેની ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.
- જો અસલ પ્રમાણપત્રો રજૂ કરી શકશો નહિં તો આપ પસંદગી માટે પાત્ર ઠરશો નહિં તેની ખાસ નોંધ લેશો.
- આપ જાહેરાતમાં દર્શાવેલ જરૂરી શૈક્ષણિક લાયકાત, ઉંમર અને જાતિ ધરાવો છો તે શરતે જ આપને ડોક્યુમેન્ટ ચકાસણી માટે કુલ ૩૪ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારો એટલે કે કુલ ૧૦૨ ઉમેદવારોને બોલાવવામાં આવેલ છે. તેમાંથી મેરીટના ધોરણે લાયકાતના તમામ ધોરણો સંતોષતા હોય તેવા જાહેરાતમાં આપેલ કેટેગરી મુજબ મેરીટમાં આવતા ઉમેદવારોને પસંદ કરવમાં આવશે. જો કોઈપણ તબક્કે એમ જણાશે કે આપ નિયમો પ્રમાણેની જરૂરીયાત સંતોષતા નથી અથવા આપે આપેલ માહિતી ખોટી છે કે માહિતીમાં ફેરફાર કરેલ છે અથવા કોઇ માહિતી છુપાવી છે તો આપ આ નિમણૂંક મેળવવા હક્કદાર બનશો નહિં.
- ડોક્યુમેન્ટ ચકાસણીના દિવસે આપ કોઈપણ પ્રમાણપત્ર રજૂ કરી શકશો નહિં કે ગેરહાજર રહેશો તો આપને બીજી તક આપવામાં આવશે નહિં તેની સ્પષ્ટ નોંધ લેશો.
- જો આપને અન્ય ભરતી કરતી સંસ્થાઓ દ્વારા ગેરલાયક ઠરાવેલ હશે અને શિક્ષાત્મક સમયગાળો ચાલુ હશે તો આપ આપોઆપ ગેરલાયક ગણાશો જેની નોંધ લેશો.
- આ સાથે સામેલ પત્રક મુજબ લાગુ પડતા લાયકાતના, જાતિ અંગેના તમામ ઓરીજીનલ અને ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ દર્શાવેલ સૂચના મુજબના ક્રમાનુસાર સામેલ કરવા.
    - શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા એસ.એસ.સી. પરીક્ષાનું પ્રમાણપત્ર
    - એચ.એસ.સી. ની માર્કશીટ તથા તેનું ટ્રાયલ સર્ટીફિકેટ
    - સ્નાતકની માર્કશીટ અને ટ્રાયલ સર્ટીફિકેટ ( તમામ વર્ષોની / સેમેસ્ટરની ), ડિગ્રી સર્ટીફિકેટ
    - ઉમેદવારની જાતિ અંગેનું પ્રમાણપત્ર ( અનામત કેટેગરીમાં લાગુ પડતા ઉમેદવારો માટે જ )
    - અપંગતા અંગેનું પ્રમાણપત્ર ( સિવિલ સર્જનનું તા. ૨૧-૧૧-૨૦૨૪ પછીનું )
    - ના-વાંધા પ્રમાણપત્ર ( તા. ૨૧-૧૧-૨૦૨૪ પછીનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે ) (સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે )
    - બે શૈક્ષણિક સંસ્થાના વડા/ ગેઝેટેડ ઓફીસરનું તાજેતરનું ચાલ-ચલગતનું પ્રમાણપત્ર ( તા. ૧૩-૦૮-૨૦૨૫ પછીનું )
    - ફોટો ઓળખકાર્ડ ( આધારકાર્ડ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ પૈકી કોઈપણ એક )
    - ઓનલાઈન અરજીમાં અપલોડ કરેલ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ - ૩ નંગ

      નોંધ :- ( જો પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોની માર્કશીટ સામેલ કરવી. )